ગાંધીનગર સમાચાર

તા. ૧૦-૧૦-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી એક, ઉપાધિ અનેક :

મોદી પડકારો ઝીલનારા અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં વિશેષ ખીલનારા રાજકારણી છે. તેથી એ લોકસભાની ચૂંટણી વખતે યોજતા એવી જ રેલીઓ યોજી રહ્યા છે અને ત્યારે બોલતા એ જ ભાષા બોલી સભારંજન કરી રહ્યા છે. આવા ઝુઝારુ નેતાને સાંભળવા ભીડ ન ઉમટે તો જ નવાઈ. એમાંય હવે તો પાછા તેઓ દેશના વડાપ્રધાન છે. આવી ભીડ સ્વયંભૂ જ ઉમટે એ વાતમાં માલ નથી. મોદી પાસે એમની જરૂરિયાત મુજબની મેદની એકઠી કરી આપવાનું કામ કેટલીક એજન્સીઓ કરતી હોય છે. દિવસ દરમિયાન ચાર-ચાર મોટી સભાઓ સંબોધવી એ કોઈ નાનાં છોકરાંના ખેલ નથી. મોદી રાતદિવસ એક કરીને બેઉ રાજયોમાં સત્તા અંકે કરવા કૃતસંકલ્પ છે. 'સામના'માં મોદી માટે 'મોદી મિયાં' જેવા શબ્દો વપરાવા લાગ્યા છે, તે શિવસેના ઉપરાંત ભાજપના અંસતુષ્ટોને પણ ગમતા લાગે છે. પાર્ટીમાં જ એમની વિરૂદ્ધ કેટલાક પડકારો ઊભા થઈ રહ્યા છે. રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરા રાજે પેટાચૂંટણીમાં મળેલી નિષ્ફળથાની જવાબદારી લેવા તૈયાર નથી. એમણે મોદી વિરૂદ્ધ મોરચો ખોલતાં કહ્યું છે કે હારજીત પ્રજા અપાવતી હોય છે એટલે જીતનો જશ કોઈ એક વ્યક્તિ પણ લેવા માગતી હોય તો તે બરાબર નથી. સફાઈ અભિયાન મુદ્દે પણ એમણે મોદીને બક્ષ્યા નથી. પોતે પહેલી વાર સત્તામાં આવ્યાં ત્યારે રાણી કે મુખ્યમંત્રીપદની મોટાઈ વેળગી મુકીને ઝાડુ પકડ્યું હતું, એટલે આ સફાઈ અભિયાન પણ કોઈ નવી બાબત નથી, એવું સ્પષ્ટ નિવેદન કરીને એમણે મોદીને પડકાર્યા છે. મોદીના સમોવડિયા હરીફ ગણાતા રહેલા અડવાણીના કૃપાપાત્ર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહે ઈંદોર ખાતે દુનિયાભરના ઉદ્યોગપતિઓને નોતરીને 'મેક ઈન ઈન્ડિયા' બ્રાન્ડ મોદીમંત્રને 'મેક ઈન એમપી'માં રૂપાંતરિત કરી વિદેશી રોકાણ માટે મધ્યપ્રદેશમાં પહેલ કરી બતાવી છે. મોદીને એમની ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં પહોંચી જઈ એમનાં વખાણ કરવાં પડ્યાં છે. બીજી તરફ સરહદ પર પ્રવર્તી રહેલી તંગદિલી અને અઘોષિત યુદ્ધ જેવી બિહામણી પરિસ્થિતિ પ્રત્યે વડાપ્રધાન જાતે વિશેષ ધ્યાન આપી શક્યા નથી. એમણે અત્યાર સુધીમાં ફક્ત એક જ વાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની હાજરીમાં સેનાની ત્રણે પાંખોના વડાઓની બેઠક બોલાવી પાકિસ્તાનની સામે કડક હાથે કામ લેવાની અને જરૂર પડે ત્યાં ઉપરના આદેશોની રાહ જોયા વગર ઈંટનો જવાબ પથ્થરથી આપવાની છૂટ આપી દીધી હોવાનું કહેવાય છે. આ મુદ્દે સંરક્ષણ મંત્રી અરૂણ જેટલી અને ગૃહમંત્રી રાજનાથ જ નિવેદનો કરતા રહ્યા છે. મોદીએ બધી જ સમસ્યા થોડા વખતમાં ઉકેલાઈ જશે અને શાંતિ સ્થપાઈ જશે એવું મોઘમ નિવેદન કરી મૌન ધારણ કરી લીધું છે. સરહદ પારથી તડાકાભડાકા ચાલુ છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટોએ ટ્વિટર પર મોદીને પડકારતાં નિવેદનો ચાલુ કર્યા છે. 'આ તમારું ગુજરાત નથી, આ પાકિસ્તાન છે. ગુજરાતમાં ૨૦૦૨ના રમખાણ પીડિયો સમજવાની ભૂલ ન કરતા. અમે તમને ભારે પડીશું. અમે કાશ્મીર લઈને જંપીશું - એ મતલબના ઉશ્કેરણીજનક નિવેદનથી સ્વાભાવિક રીતે જ પાક પ્રજામાં ભારત વિરોધી લાગણી જગાડવાની કોશિશ ચાલી રહી છે. કેન્દ્ર સરકાર તરફથી છૂટો દોર મળતાં ભારતીય સેના અને સરહદી સલામતી દળ પાક રેન્જરોના તોપમારાના વળતા જવાબ તરીકે ઉગ્ર કાર્યવાહી કરી રહ્યા છે. નિયમિતપણે મળતી ફલેગ મિટિંગમાં ભારતીય સેનાએ હાજર રહેવા ઈન્કાર કરી દઈ પાકિસ્તાની લશ્કરને ભોઠું પાડી દીધું છે. સરહદ પર શાંતિ સ્થાપવા માટેની પહેલ હવે પાકિસ્તાને કરવી પડશે, એવું કેન્દ્રનું કડક વલણ જોઈ પાકિસ્તાન સરકાર યુનોમાં દોડી ગઈ છે. યુનોના મહામંત્રી બાન-કી-મૂને બેઉ દેશોએ અંદરોઅંદર સમજૂતી કરી લેવી જોઈએ, એવું સમાધાનકારી વલણ દાખવ્યું છે. આવી વિકટ પરિસ્થિતિમાં પાકિસ્તાની ઘૂસણખોરી અને તોપમારામાં આતંક વચ્ચે સરહદી વિસ્તારની પ્રજા આખેઆખા ગામ છોડીને સલામત સ્થળે આશરો લેવા ભાગંભાગ કરી રહી છે. ઓછામાં ઓછા આઠ-દસ માણસોએ જીવ ગુમાવ્યો છે અને સેંકડો ઘાયલ થયા છે. વડાપ્રધાન મોદી પાસે એમની ખબર પૂછવા જવાનો વખત નથી. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ અને શિવસેના ઉદ્ધવ ઠાકરે તથા મનસેના રાજ ઠાકરે એક જ ભાષા બોલવા લાગ્યા છે. વિદર્ભના ભાજપી નેતા ખડકે અલગ વિદર્ભની માગણી પર અડીખમ રહી શિવસેનાને જ આડકતરી મદદ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ મોદી ચીની પ્રમુખ સાથે ઝૂલે ઝૂલતા હતા ત્યારે લડાખમાં ચીની સેના ઘૂસી આવેલી, એની યાદ અપાવી છે. મોદીએ ચૂંટણી પ્રચાર છોડીને સરહદ પર ધ્યાન આપવું જોઈએ એવું નિવેદન ઉદ્ધવ ઠાકરેએ કર્યુ છે. પરંતુ મોદી રેલીઓ ન કરે તો મહારાષ્ટ્રમાં એમનું નાક કપાઈ જાય એમ છે. સોનિયા ગાંધી કોલ્હાપુર - ઔરંગાબાદમાં સભા કરે છે અને રાહુલ હરિયાણાનો ચૂંટણી પ્રવાસ ખેડે છે તે જ દિવસે રાહુલ હરિયાણામાં ચૂંટણી પ્રવાસ ખેડે છે. તે જ દિવસે શરદ પવારના ગઢ બારામતી અને ગુજરાતી વસતી ધરાવતા ઘાટકોપર સહિત ચાર સ્થળોએ મોદી રેલીઓ યોજી રહ્યા છે; જયારે સરહદની ગંભીર સ્થિતિ જોતાં તો એમને દિલ્હી ખાતે ચોવીસે કલાક હાજર રહેવું જોઈએ. આખરે એ દેશના ચૂંટાયેલા વડાપ્રધાન છે.

# સ્વનિર્ભર શાળા માટે અરજી, મંજુરીની ફીમાં વધારો કરાયો

## નવા સુધારેલા દર ચાલુ શૈક્ષણિક વર્ષથી લાગુ

## પરીક્ષાની ફીમાં વધારો કરાતા વાલીઓ પર વધુ બોજ

અમદાવાદ, તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની ફીમાં વધારો કરવાની સાથે સાથે નવી શાળા માટેની અરજી અને નોંધણીની ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આ ફી વધારો ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલી બનાવી દેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ રાજ્યમાં નવી સ્વ-નિર્ભર કોલેજની મંજુરી માટે અરજદારોએ અરજી સાથે અરજી ફી પેટે રૂા. ૫૦૦૦ જમા કરાવવા પડ્યા હતા. જેને વધારીને ૧૦,૦૦૦ હજાર કરી દેવામાં આવી છે. જ્યારે કામચલાઉ નોંધણી બાદ મંજુરી માટેની ફી રૂા. ૨૦,૦૦૦થી વધારીને ૨૫,૦૦૦ કરી દેવામાં આવી છે. સ્વ-નિર્ભર શાળાના પ્રથમ ક્રમિક વર્ગ માટે ફી ૧૦,૦૦૦થી વધારીને ૧૨,૦૦૦ કરી દેવાઈ છે જ્યારે વર્ગ વધારા માટેની અરજી સાથેની ફી ૧૧,૦૦૦થી વધારીને ૧૫,૦૦૦ કરી દેવામાં આવી છે. શાળાનાં સ્થળ ફેરફાર માટેની અરજી સાથેની ફી રૂા. ૨૫,૦૦૦થી વધારીને ૩૫,૦૦૦ કરી દેવામાં આવી છે જ્યારે શાળાના વહીવટી ફેરફાર માટેની અરજી સાથેની ફી ૨૫,૦૦૦થી વધારીને ૩૫,૦૦૦ કરી દેવામાં આવી છે.



(નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડામાં આવેલ ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓને મધુર ડેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ડેરીની કામગીરીથી વાકેફ કરવામાં આવ્યા હતા. વિવિધ મશીનરી દ્વારા કેવી રીતે મિઠાઈ, છાશ, દહી બનાવવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...



સાંભળો છે, ભંગારવાળો આવ્યો છે... દિલ્હી ફોન કરીને સાહેબને પૂછી જોવો... સ્ટેચ્યુ ઓફ લિબર્ટી બનાવવાનું છે કે, આ તગારા-પાવડા આને આપી દઉં....

## ફૂટબોલ સ્પર્ધામાં ત્રીજુ સ્થાન મેળવ્યુ

ગાંધીનગર, તા.૯

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની અંડર-૧૬ ફુટબોલ સ્પર્ધા સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલયની અંશુ ચૌધરી, વિધિ, દિક્ષિતા, અદિતી, અમિ, નિમા, સંગીતા, જયા, આશા, અંકિતા, ધરતી, હિના, અવની અને ભારતીએ તૃતીય નંબર મેળવ્યો છે.

## ગુજરાત વણકર સમાજનું સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત વણકર સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો અને તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવશે.

નવેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં અમદાવાદ ખાતે ૧૯મો જીવનસાથી મેળો અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. સમાજના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ અને ૧૨માં ૮૫ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને સન્માનવામાં આવશે. સ્નેહમિલન સન્માન સમારોહ અને જીવનસાથી પસંદગી સંમેલનમાં ઉપસ્થિત રહેવા માટે જરુરી માહિતી દશરથલાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭-બી ખાતે મોકલી આપવાની રહેશે.

## જીપીએસસીની પરીક્ષાને કારણે જી-સેટની તારીખમાં ફેરફાર

### ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ૧૨મી ઓક્ટોબરના બદલે હવે જી-સેટ ૧૯ ઓક્ટોબરે યોજાશે વિદ્યાર્થીના વ્યાપક હિતમાં નિર્ણય લેવામાં આવ્યો

અમદાવાદ, તા.૯

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ એલિજીબીલીટી ટેસ્ટ (જી-સેટ)નું આયોજન ૧૨ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. બીજી બાજુ ૧૨ ઓક્ટોબરના રોજ જીપીએસસીની પરીક્ષા પણ લેવામાં આવનાર હોવાથી વિદ્યાર્થીઓનાં હિતને ધ્યાનમાં રાખી જી-સેટની પરીક્ષા પાછી ઠેલવવામાં આવી છે જે મુજબ હવે જી-સેટની પરીક્ષા ૧૨ ઓક્ટોબરની જગ્યાએ હવે ૧૯ ઓક્ટોબરના રોજ યોજવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત પબ્લીક સ્ટેટ કમિશન દ્વારા રાજ્યમાં વિવિધ વર્ગ-૧ના કર્મચારીઓની ભરતી માટે જીપીએસસીની પ્રિલીમરી પરીક્ષાનું આયોજન ૧૨ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી ત્રણ લાખ કરતાં પણ વધુ ઉમેદવારો ઉપસ્થિત રહેવાના છે. બીજી બાજુ શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ (જી-સેટ)નું પણ આયોજન ૧૨ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું પરંતુ એક જ દિવસે બે મહત્વની પરીક્ષાઓ રાખવામાં આવે તો અનેક વિદ્યાર્થીઓએ એક પરીક્ષા જતી કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ બંને પરીક્ષા માટે અરજી કરી છે ત્યારે વિદ્યાર્થીઓને નુકશાન ન થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા જી-સેટની પરીક્ષાની તારીખ પાછી ઠેલવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાંથી કુલ પાંચ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ જી-સેટની પરીક્ષા આપી રહ્યા છે. જેમની બેઠક વ્યવસ્થા શહેરની જુદી જુદી કોલેજોમાં કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ જી-સેટની વેબસાઈટ પરથી પોતાની બેઠક વ્યવસ્થા અંગેની માહિતી મેળવી શકે છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં મેક ઈન ઈન્ડિયા અભિયાનનો પ્રારંભ કયાંથી કરવામાં આવ્યો હતો?
➔ **દિલ્હી**
૨. ૨૦૧૪માં મેક ઈન ઈન્ડિયા અભિયાનનો પ્રારંભ કોના હસ્તે કરવામાં આવ્યો હતો ?
➔ **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
૩. ૨૦૧૪માં ભારતના ૪૨માં મુખ્ય ન્યાયમૂર્તિ પદે કોની વરણી કરવામાં આવી છે ?
➔ **હંડયાલ લક્ષ્મીનારાયણસ્વામી દત્તુ (એચ.એલ. દત્તુ)**
૪. ૨૦૧૪માં રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષપદે કોની વરણી કરવામાં આવી છે ?
➔ **લલીતા કુમાર મંગલમ્**
૫. ૨૦૧૪માં તમિલના નવા મુખ્યમંત્રી પદે કોને શપથગ્રહણ કર્યા હતા ?
➔ **પનીર સેલવમ**
૬. ૨૦૧૪માં ૧૭મી એશિયન ગેમ્સ કયા શહેરમાં યોજાઈ હતી ?
➔ **ઇચિયોન (દક્ષિણ કોરિયા)**
૭. મંગળયાનનું ટૂકું નામ શું છે ?
➔ **(MOM)**
૮. મંગળયાન કયા સ્થળેથી અવકાશમાં છોડવામાં આવ્યું હતું ?
➔ **શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)**
૯. મંગળયાને કઈ તારીખે મંગળની બ્રહ્મકક્ષામાં પહોંચ્યું હતું ?
➔ **૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૪**
૧૦. મંગળયાનના પ્રવાસનું અંતર કેટલા કિ.મી. હતું ?
➔ **૬૬.૬ કરોડ કિ.મી.**
૧૧. આંધ્રપ્રદેશની નવી રાજધાની કઈ જાહેર કરવામાં આવી છે?
➔ **વિજયવાડા**
૧૨. આગામી ૧૫ ઓકટોબર ૨૦૧૪માં કયા બે રાજયોમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે ?
➔ **મહારાષ્ટ્ર, હરિયાણા**
૧૩. ૨૦૧૪માં નાલંદા યુનિવર્સિટીનું ઉદ્‌ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?
➔ **સુષ્મા સ્વરાજ (વિદેશમંત્રી)**
૧૪. ૨૦૧૪માં ભારતના સૌથી મોટા ઓફ શોર પેટ્રોલિંગ જહાજનો નૌકાદળમાં સમાવેશ થયો ?
➔ **આઇ.એન.એસ. સુમિત્રા**
૧૫. ૨૦૧૪માં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના કાયદાઓની સમીક્ષા માટે કઈ ઉચ્ચસ્તરીય સમિતિની રચના થઈ ?
➔ **ટી.એસ.આર. સુબ્રમણ્યમ સમિતિ**
૧૬. ૨૦૧૪માં વિશ્વ આર્થિક મંચ દ્વારા જાહેર વાર્ષિક વૈશ્વિક પ્રતિસ્પર્ધા યાદીમાં ભારતને કયું સ્થાન હાંસલ થયું હતું ?
➔ **૭૧મું**
૧૭. ૨૦૧૪માં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન કયા રોગ વિરોધી દવા પ્રતિરોધ સર્વેક્ષણનો આરંભ કર્યો હતો ?
➔ **ક્ષય**
૧૮. રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ ખરડો-૨૦૧૪ અપનાવનારું દેશનું પ્રથમ રાજય કયું છે?
➔ **રાજસ્થાન**
૧૯. ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે વિકલાંગો માટે કેટલા ટકા અનામત ફરજિયાત બનાવ્યું છે?
➔ **૩ ટકા**
૨૦. ૨૦૧૪માં મંત્રીમંડળની મંજૂરી મળેલ NAM નું પૂરૂં નામ જણાવો?
➔ **નેશનલ આયુષ્ય મિશન**
૨૧. તાજેતરમાં ભારતના માર્સ ઓર્બિટર મિશન અંતર્ગત મંગળયાને પ્રથમ કયો શબ્દ ઉચ્ચાર્યો હતો?
➔ **કેમ છો**
૨૨. તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને કયા દેશને વિશ્વનું સુસાઈટ કેપિટલ દર્શાવ્યું હતું?
➔ **ભારત**
૨૩. તાજેતરમાં સુભાષચંદ્ર ગર્ગની કઈ સંસ્થામાં ડાયેરકટર તરીકે નિમણૂક થઈ છે?
➔ **વર્લ્ડ બેંક**
૨૪. ૨૦૧૪માં કૃષ્ણકાંત પોલે કયા રાજયના રાજયપાલ પદે શપથ લીધા છે?
➔ **મણિપુર**
૨૫. ૨૦૧૪માં ભારતીય મૂળના અમેરીકી નાગરિકની ભારત ખાતેના અમેરિકી રાજદૂત તરીકે નોમિનેટ કરાયા?
➔ **રિચર્ડ રાહુલ વર્મા**
૨૬. તાજેતરમાં ૧૭મી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા યોગેશ્વર દત્ત કઈ રમત સાથે સંકળાયેલા છે
➔ **કુસ્તી**
૨૭. તાજેતરમાં રેલવે બોર્ડના પુનર્ગઠન માટે નીચેનામાંથી કઈ સમિતિની રચના થઈ?
➔ **દેબરોય સમિતિ**
૨૮. તાજેતરમાં કયા શહેરની નજીક દરિયામાં દેશનો પ્રથમ કોરલ રીફ ગાર્ડન બનશે?
➔ **મીઠાપુર**
૨૯. ૨૧મી સદીમાં પણ પછાત મનાતા હદઝા આદિવાસીઓ કયા વિસ્તારમાં જોવા મળે છે?
➔ **આફ્રિકા**
૩૦. ગુજરાત હાઈકોર્ટના એકિંટગ ચીફ જસ્ટિસ તરીકે કોની નિમણૂક થઈ?
➔ **ન્યાયમૂર્તિ વી.એમ. સહાય**
૩૧. પ્રવાસ સંદર્ભે એશિયાના શહેરોમાં ગુજરાતના કયા શહેરને ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે?
➔ **અમદાવાદ**
૩૨. ૨૦૧૪માં તેલંગણા રાજયની બ્રાન્ડ એમ્બેસેડર કોને બનાવવામાં આવી છે?
➔ **સાનિયા મિર્ઝા**
૩૩. ૨૦૧૪માં કેટલામી કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ હતી?
➔ **૨૦મી**
૩૪. ૨૦૧૪માં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં કુલ કેટલા દેશોના રમતવીરોએ ભાગ લીધો હતો?
➔ **૭૧ દેશ**
૩૫. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સનો ઉદઘાટન સમારોહ કયા સ્ટેડીયમમાં યોજાયો હતો?
➔ **સેલ્ટિક પાર્ક (ગ્લાસગો)**
૩૬. ૨૦૧૪માં આયોજીત કોમનવેલ્થ ગેમ્સ કેટલા દિવસ ચાલી હતી?
➔ **૧૧ દિવસ**
૩૭. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સની પરેડમાં ભારતીય દળનું નેતૃત્વ કોણે કર્યું હતું?
➔ **શૂટર વિજયકુમાર**
૩૮. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સના પ્રારંભે યોજાયેલી પરેડમાં ભારતનું સ્થાન કેટલામું હતું?
➔ **પ્રથમ**
૩૯. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સને કોના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો?
➔ **ઈંગ્લેન્ડની રાણી એલિઝાબેથ દ્વિતીય**
૪૦. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેકસમાં ભારતનો ક્રમ કેટલામો છે?
➔ **૧૩૫**
૪૧. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના માનવ વિકાસ ઈન્ડેકસમાં પ્રથમ ક્રમે કયો દેશ છે?
➔ **નોર્વે**
૪૨. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના માનવ વિકાસ ઈન્ડેકસમાં દ્વિતિય ક્રમે કયો દેશ છે?
➔ **ઓસ્ટ્રેલિયા**
૪૩. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના માનવ વિકાસ ઈન્ડેકસમાં તૃતીય ક્રમે કયો દેશ છે?
➔ **સ્વીટઝરલેન્ડ**
૪૪. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના માનવ વિકાસ ઈન્ડેકસમાં ચતુર્થ ક્રમે કયો દેશ છે?
➔ **નેધરલેન્ડસ**
૪૫. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના માનવ વિકાસ ઈન્ડેકસમાં પાંચમા ક્રમે કયો દેશ છે?
➔ **અમેરિકા**
૪૬. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં શૂટર અભિનવ બિન્દ્રાએ કેટલા મીટર એર રાઈફલ શૂટિંગમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો?
➔ **૧૦ મીટર એર રાઈફલ**
૪૭. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ૧૦ મીટર એર રાઈફલ શુટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર અભિનવ બિન્દ્રાએ કેટલો સ્કોર નોંધાવ્યો હતો?
➔ **૨૦૫.૩**
૪૮. ૨૦૧૪ કોમન વેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી સુખેન ડે એ કઈ રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➔ **વેઈટ લિફટિંગ**
૪૯. ૨૦૧૪ કોમન વેલ્થ ગેમ્સમાં ભારતીય મહિલા ખેલાડી મલાઈકા ગોયેલ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➔ **શૂટિંગ**
૫૦. ૨૦૧૪ કોમન વેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી ગણેશ માલીએ કઈ રમતમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો?
➔ **વેઈટ લિફટિંગ**
૫૧. ૨૦૧૪ માં કયા ખેલાડીને એમ્બેસેડર ઓફ ગુડવિલ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ?
➔ **સાઈના નેહવાલ**
૫૨. ૨૦૧૪માં વિશ્વની કઈ સંસ્થામાં ઈઝરાઈલના વિરુદ્ધમાં ગાઝા મામલે પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો?
➔ **યુએનએચઆરસી**
૫૩. ૨૦૧૪માં તાઈવાનના દરિયાકિનારે કયા વાવાઝોડાએ તબાહી મચાવી હતી?
➔ **ટાયફૂન**
૫૪. ૨૦૧૪માં દૂરદર્શનના કયા કાર્યક્રમને લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન આપવામાં આવ્યું છે?
➔ **નાદ ભેદ-ધ મિસ્ટ્રી ઓફ સાઉન્ડ**
૫૫. ૨૦૧૪માં કઈ પ્રથમ અશ્વેત મહિલા ઓલંપિક ચેમ્પિયનનું નિધન થવા પામ્યું હતું?
➔ **એલિસ કોચમેન**
૫૬. ૨૦૧૪માં ૪૫માં ભૌતિક ઓલંપિયાડનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?
➔ **અસ્તાના**
૫૭. ૨૦૧૪માં બ્રિટનના રાજકોષ સચિવ તરીકે ભારતીય મૂળના કયા વ્યકિતની નિમણુંક કરવામાં આવી છે?
➔ **પ્રીતિ પટેલ**
૫૮. ૨૦૧૪માં કયા ભારતીય કલાકારને બફર્લી કોલેજ ઓફ મ્યુઝિક દ્વારા ડોકટરેટની માનદ ઉપાધિ આપવામાં આવી?
➔ **એ.આર. રહેમાન**
૫૯. ૨૦૧૪માં ઈન્ડોનેશિયાના નવા રાષ્ટ્રપતિ પદે કોની નિયુકતિ કરવામાં આવી છે?
➔ **જોકો વિદોદો**
૬૦. ૨૦૧૪માં ફૂટબોલ રમતમાંથી નિવૃત્ત થનાર ફિલિપ લહમ કયા દેશની ફુટબોલ ટીમના કેપ્ટન છે?
➔ **જર્મની**
૬૧. ૨૦૧૪માં ભારતીય ઈતિહાસ અનુસંધાન પરિષદના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
➔ **વાઈ સુદર્શન રાવ**
૬૨. ૨૦૧૪માં મલેશિયાના યાત્રી વિમાનને યુક્રેનમાં કઈ મિસાઈલ દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું?
➔ **એસ.એ.-૧૧**
૬૩. ૨૦૧૪માં ઈરાકના રાષ્ટ્રપતિ પદે કોની વરણી કરવામાં આવી છે?
➔ **મોહમ્મદ ફૂઆદ માસૂમ**
૬૪. ૨૦૧૪ બ્રિકસ વિકાસ બેંકના બોર્ડ ઓફ ગવર્નર્સની પ્રથમ અધ્યક્ષતા કયા દેશને આપવામાં આવી છે?
➔ **રુશ**
૬૫. જર્મન ગ્રાંડ પ્રીકસ ૨૦૧૪ કયા ખેલાડીએ જીતી હતી?
➔ **નીકો રોસેબર્ગ**
૬૬. ૨૦૧૪માં ભારતની મુલાકાતે આવેલા જિમ યોગ કિમ કઈ બેંકના અધ્યક્ષ છે?
➔ **વિશ્વ બેંક**
૬૭. ગ્લોબલ ઈનોવેશન સૂચકાંક ૨૦૧૪માં ભારતનું સ્થાન કેટલામું છે?
➔ **૭૬મું**
૬૮. ૨૦૧૪માં બિઝનેશ-૨૦ (બી-૨૦) શિખર સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?
➔ **સિડની**
૬૯. ૨૦૧૪માં કયા દેશને ફિફાની વિશ્વ રેકિંગમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યુ છે?
➔ **જર્મની**
૭૦. ૨૦૧૪ સંગીત કલાનિધિ પુરસ્કાર કોણે જીત્યો હતો?
➔ **નારાયણસ્વામી અય્યર**